જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૨ સં. ૨૦૫૭ [૬૯૮] * **આત્મધર્મ** * [અંક-૬ વર્ષ-૫૮] વીર સં. ૨૫૨૮ ડિસેમ્બર-૨૦૦૧

આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ મમતારહિત હોના પરમ તત્ત્વ હૈ, મમતારહિત હોના પરમસુખ હૈ, મમતારહિત ભાવ મોક્ષકા શ્રેષ્ઠ બીજ હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ.

—શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક—૨૩૪

❀ ચેતન-અચેતનરૂપ પરપદાર્થોમાં (આત્મીયતાની બુદ્ધિથી) પ્રવૃત્તિને પ્રાપ્ત જીવને કર્મોનો મહાન આસ્રવ થયા કરે છે અને તેથી કર્માસ્રવમાં જે ડૂબ્યા રહે છે તેનો ઉદ્ધાર થતો નથી.

—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસારપ્રાભૃત, અધિ.–૩, ગાથા–૪

❀ પરપરિચયથી આકુળતા છે, નિજપરિચયથી સુખ-શાંતિ છે; જિનદેવે આવો પરમાર્થ કહીને તે હિતનો સંકેત કર્યો છે.

—શ્રી દીપચંદજી, આત્મ-અવલોકન, અનુભવદોહ નં.–૧૧

❀ તું લોક સમાન મૂઢ થઇ દેખવામાં આવતાં પરપદાર્થનો ઉપકાર કરે છે. (હવે) તું પરના ઉપકારની ઇચ્છા છોડી દઇ પોતાના ઉપકારમાં તત્પર થા.

—શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા–૩૨

❀ દૂધ અને પાણીની માફક અભેદવત્ મળેલા એવા જીવ અને શરીરમાં જ જ્યારે પ્રત્યક્ષ ભેદ છે તો પછી સ્પષ્ટ પરરૂપ જણાતાં સ્ત્રી, પુત્ર, ધનાદિ, ચેતન–અચેતન બાહ્ય પદાર્થોની ભિન્નતાનું તો કહેવું જ શું? એ તો પ્રગટ ભિન્ન છે એમ સમ્યક્‌પણે વિચારી આ જગતના સર્વ ચેતન–અચેતન પર પદાર્થો પ્રત્યેનો સ્નેહ વિવેકી પુરુષો છોડે છે.

—શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૫૩

❀ જો કોઈ અપને આત્માકે હિતકા કામ છોડકર, ચિત્તમેં મમતાભાવમેં લીન હોકર, દૂસરોંકે કાર્યોમેં હી રત હો જાતા હૈ વહ અપને આત્મહિતકો નાશ કર દેગા.

—શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૫૭

❀ હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું.

—શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૦

કહાન સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૬
[૬૯૮]

વીર સંવત ૨૫૨૮
સં. ૨૦૫૮
Dec.
A.D. 2001

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સ્વરૂપસંપદા પ્રગટતાં મોહ નિર્મૂળ થાય છે

(શ્રી સમયસાર ગાથા–૩૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, શ્રી સમયસાર શાસ્ત્રની ૩૮મી ગાથા છે. તેમાં આચાર્યદેવે, દર્શનજ્ઞાન-ચારિત્રસ્વરૂપ પરિણત થયેલાં આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે તેનું વર્ણન કર્યું છે.

ટીકાનો પોણો ભાગ તો વંચાઇ ગયો છે...પરમાર્થે હું સદાય અરૂપી છું...ત્યાં સુધી આવ્યા છીએ. હું એક છું, શુદ્ધ છું, દર્શન-જ્ઞાનમય છું અને સદા અરૂપી છું એ બધું આવી ગયું છે.

અનાદિથી જીવ અજ્ઞાની–અપ્રતિબદ્ધ હતો, તેને આત્માના જ્ઞાનસ્વરૂપની બિલકુલ ખબર ન હતી. ઊલટું, અજ્ઞાન હતું. તેવો જીવ પણ ગુરુ દ્વારા સમજાવતાં અને વારંવાર તેનું રટણ કરતાં તે અંતરથી સમજી ગયો. અરે ! હું તો પરમેશ્વરસ્વરૂપ છું. મુઠ્ઠીમાં સોનું હોય અને જેમ ભુલાઈ જાય તેમ, ભગવાન આત્માને હું ભૂલી ગયો હતો તે મેં યાદ કર્યું કે અહો ! હું તો ચૈતન્યસ્વરૂપ પરમેશ્વરસ્વરૂપ આત્મા છું...એક છું...શુદ્ધ છું...દર્શન-જ્ઞાનમય છું...

આમ, સર્વથી જુદાં એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનું જ્ઞાન થવા છતાં તેનાથી હું જુદો છું. વર્ણ, ગંધ, રસાદિસ્વરૂપ પુદ્ગલ મારામાં આવતું નથી અને હું ત્યાં જતો નથી. મારી સંવેદનશક્તિથી હું વર્ણ, ગંધાદિને જાણું છું પણ તેમ છતાં હું તેનારૂપે થતો નથી અને તે જ્ઞેય મારામાં આવતું નથી. ધર્મીજીવ આવો નિર્ણય કરીને પોતાના આવા સ્વરૂપને અનુભવે છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય પરમેશ્વરસ્વરૂપ છે તેનું જ્ઞાન, તેની પ્રતીતિ અને તેમાં રમણતા–આ ત્રણ જેને પ્રાપ્ત થયાં છે, જેવું પૂર્ણસ્વરૂપ છે તેવું જ પ્રતીતિ–જ્ઞાન અને રમણતામાં જેને આવ્યું છે, આ સ્વરૂપ જે પરદ્રવ્યથી તદ્દન ભિન્ન છે તેને–શુદ્ધ ચૈતન્યઘનને મારી પર્યાયના પ્રકાશમાં અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. જેણે આત્માને જાણ્યો, માન્યો અને અનુભવ્યો છે તે આમ કહે છે.

પરદ્રવ્ય અને રાગને જાણતાં છતાં, તેનાથી ભિન્ન એવા પોતાના સ્વરૂપને અનુસરીને અનુભવતો...अभिगच्छतु...સન્મુખ થઈને અનુભવું છું. મારી પર્યાયમાં પહેલાં જે પરસન્મુખતાની ધારા હતી તે મિથ્યા હતી. તે જ્ઞાનની ધારાને સ્વરૂપ સન્મુખ કરીને સ્વરૂપને અનુભવું છું. ૯મી ગાથામાં આ 'अभिगच्छतु' શબ્દ મૂળમાં જ આવ્યો છે. મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા વસ્તુની સન્મુખ થઈને હું કેવળ શુદ્ધ છું એમ જાણું છું. છઠ્ઠી ગાથામાં 'પ્રમત્ત-અપ્રમત્ત નથી એવો હું જ્ઞાયક છું' એમ કહ્યું. ૧૧મી ગાથામાં ભૂતાર્થનો આશ્રય લેવાનું કહ્યું અને અહીં ૩૮ ગાથામાં કહે છે કે રાગથી અને રૂપાદિથી ભિન્ન મારા સ્વરૂપને અનુભવતો આ...આ...હું પ્રત્યક્ષ છું, પ્રતાપવંત છું.

આમાંથી પ્રભુત્વશક્તિનો ભાવ નીકળે છે. જેનો પ્રતાપ અખંડિત છે એવો આ હું પ્રતાપવંત રહ્યો. મારા પ્રતાપને સ્વતંત્રતાથી શોભાયમાનપણું છે.

અહા ! સમયસારે તો કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

આ હું મારા અખંડ પ્રતાપથી શોભાયમાન રહ્યો છું. મારા પ્રતાપને કોઈ ખંડિત કરી શકતું નથી. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે મારી બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે.

આ પંચમઆરાના મુનિ પોતાની દશાનું વર્ણન કરતાં, જગતને આ જાતનો ઉપદેશ આપે છે. દિગંબર મુનિ છે, અંતરમાં પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમય સ્વરૂપને અનુભવે છે અને એ અનુભવથી કહે છે કે મારી સ્વતંત્રતાથી શોભાયમાન પ્રતાપસંપદાને કોઈ ખંડ કરી શકે તેમ નથી. આહાહા...! કોઈની તાકાત નથી કે મારા પ્રતાપને ખંડ કરી શકે. મારા પ્રતાપને પરતંત્રતાથી અશોભનીય કરી શકે એવી કોઈની તાકાત નથી.

ગજબ ટીકા છે. વસ્તુને સ્પષ્ટપણે વ્યક્ત કરી છે.

મારી બહાર જગતમાં અનંતા આત્માઓ, અનંતા પુદ્ગલો છે તે પણ સૌ પોતાની સ્વરૂપસંપદાને ધરાવે છે. મારા સ્વરૂપથી જુદી પોતપોતાની સ્વરૂપસંપદાને

ધરાવતાં પદાર્થો પણ પોતાથી શોભાયમાનપણે રહેલાં છે. તેને કાંઇ મારી જરૂર નથી અને મને તેની જરૂર નથી.

આવો પ્રતાપવંત વર્તતા થકો હું...આહાહા...! મારાથી શોભાયમાન છું અને પરમાણુઓ, સિદ્ધો, નિગોદના જીવો વગેરે દરેક પદાર્થ પોતાની સ્વરૂપસંપદા વડે સ્ફુરાયમાન છે, તેની શોભા મારા વડે કે કોઈ ઈશ્વર વડે નથી. દરેક દ્રવ્યો પોતાની સ્વરૂપની સંપદા વડે શોભાયમાન છે. તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. જેમ હું અસ્તિ ધરાવું છું તેમ તે પદાર્થો પણ અસ્તિ ધરાવે છે. કોઈપણ પરદ્રવ્ય—સિદ્ધ હો, નિગોદ હો કે અચેત સ્કંધ હો, સ્ત્રી હો કે તેનું શરીર હો—એ બધાં પોતપોતાના સ્વરૂપની સંપદાથી સ્ફુરાયમાન છે.

'હું એક આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ છું. મારી સ્વરૂપસંપદાને અનુભવતાં મને એ બાહ્યપદાર્થોમાં એક પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતાં નથી.' જુઓ ! આ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માના આત્મઅનુભવના આ લક્ષણ છે. ગાથામાં પૂર્ણપણે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમી ગયેલાની વાત લીધી છે પણ સમ્યગ્દૃષ્ટિને પણ તેનો અંશ પ્રગટ થઈ ગયો છે તેથી તેનામાં પણ આ લક્ષણ હોય છે. અજ્ઞાની–અપ્રતિબુદ્ધજીવ હતો તેને ગુરુ દ્વારા સમજાવતાં, રસ આવ્યો, પોતાના સ્વરૂપનું રટન કરવા લાગ્યો અને તેણે પોતાના સ્વરૂપની સંપદાને અનુભવી ત્યારે તેને એમ થાય છે કે અરે ! હું તો મારા પરમેશ્વર સ્વરૂપને ભૂલી ગયો હતો પણ મારો પ્રભુ તો પૂર્ણસ્વરૂપે બિરાજમાન છે. તેને યાદ કરતાં—સ્વરૂપની સ્મૃતિ થતાં હવે મને કોઈપણ પરદ્રવ્ય મારું છે એમ ભાસતું નથી.

સ્વરૂપને યાદ ક્યારે કરી શકે ?—કે પહેલાં તેનો અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા થઈ હોય તો તેને યાદ કરી શકે.

૩૮ ગાથાએ તો ગજબ કામ કર્યાં છે. પંચમઆરાના સંતોએ પંચમઆરાના શ્રોતાને ઉપદેશ આપ્યો અને શ્રોતા જાગી ઊઠ્યો તે આમ કહે છે કે હવે મને 'કર્મ' કે જે ભાવક છે તે પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિનો મોહ ઉત્પન્ન કરાવી શકે તેમ નથી. કોઈપણ જ્ઞેયો મને ફરીને મોહ ઉત્પન્ન કરાવવા સમર્થ નથી.

વિશેષ તો હવે આવે છે...અહાહા ! અમૃત વરસ્યા રે પંચમકાળમાં....અમૃતચંદ્રાચાર્યે અમૃત વરસાવ્યા છે ! અલૌકિક વાત આવે છે !

જેને શ્રદ્ધા-જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ ભાસ્યો છે એવા સમકિતી એમ કહે છે

કે મારા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો છું. પ્રતાપવંત વર્તતા એવા મને કોઈપણ પરદ્રવ્ય મારાપણે ભાસતાં નથી. પંચપરમેષ્ઠી છે તે પણ મને મારાપણે ભાસતાં નથી. મને મિથ્યાત્વમોહનો નાશ થયો છે તે ફરીને ઊપજે એવું રહ્યું નથી. પંચમકાળના સંતો અને શ્રોતા આવા હોય છે.

દિગંબરસંત કહે છે કે મને આ, જે મોહનો મૂળમાંથી નાશ થયો છે તે ફરીને ઉત્પન્ન નહિ થાય. પણ પ્રભુ ! તમે કેવળી છો ? તમે તો કેવળી પાસે પણ ગયા નથી. કુંદકુંદઆચાર્ય તો કેવળી પાસે ગયાં હતા, તમે તો ગયા નથી ને ?—'મારો નાથ અંતરમાં પરમેશ્વર બિરાજે છે ત્યાં હું ગયો હતો.' અને મારો આ જગજાહેર પોકાર છે કે 'મિથ્યાત્વમોહનો નાશ થયો છે તે ફરી ઉત્પન્ન નહિ થાય'. ચારિત્રમોહ તો સ્વર્ગમાં જશે એટલે ઊભો થશે પણ દર્શનમોહનો નાશ થયો તે થયો એ હવે ફરી ઊપજી નહિ શકે. આવો અપ્રતિહતભાવ છે ત્યાં પડવાની વાત નથી.

દ્રવ્ય શું પડે ! તેમ જેની દૃષ્ટિ દ્રવ્યની થઈ તે શું પડે !! પંચમઆરાના સંતો તો આમ કહે છે પણ તેના દ્વારા જે સમજ્યો એવો અપ્રતિબુદ્ધ શ્રોતા પણ પ્રતિબુદ્ધ થઈને આમ કહે છે.

પ્રભુ ! કેવળજ્ઞાન પામ્યા પહેલાં આટલું જોર ! હા. અમને જે મિથ્યાત્વમોહનો નાશ થયો છે તે ફરી ઉપજવાનો નથી. અમે સાદિ અનંત સમ્યગ્દર્શનમાં રહેવાના છીએ. જેને ગુરુગમે આ વાણી મળી અને પોતે સમજ્યો, તે એમ કહે છે કે મેં મારી પ્રતાપસંપદાને અનુભવી છે તેમાં કોઈ ખંડ કરી શકે તેમ નથી. અમને જે દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય મળ્યો તે પડે તેમ નથી.

આ પંચમઆરો તેને શું કરી શકે ! કોઈ એમ કહે છે કે પંચમઆરામાં શુભજોગ જ હોય. એને બિચારાને ખબર નથી એટલે એમ કહે પણ આ તો પંચમઆરાના સંતને સાંભળીને અનુભવ કરનારા શ્રોતા પણ આમ કહે છે કે હવે અમને ફરી મોહ ઉપજવાનો નથી. આવા પણ શ્રોતા હતાં ને ! અમારી વાણી કાને પડે અને જે સમજે એ પણ અપ્રતિહતભાવવાળો જીવ છે.

આવી વાતો છે બાપા ! જગત સાથે મેળ ખાવો બહુ મુશ્કેલ છે. દિવાળીના દિવસોમાં તો આવી જ વાત હોય ને ! જ્યાં અંદરથી પ્રભુ—પ્રકાશનો પુંજ જાગ્યો તે હવે પાછો પડે તેમ નથી. પંચમઆરાના ગુરુ અને શ્રોતા બંને આવા છે, ગુરુ દ્વારા સમજ્યો તે શ્રોતા આમ કહે છે કે અહમેક્કો ખલુ શુદ્ધો....

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! ૩૮.

૫મી ગાથામાં આચાર્યદેવે કહ્યું છે કે તું તારા અંતરના અનુભવથી પ્રમાણ કરીને અમારી વાત સ્વીકાર કરજે.

ભગવાન...ભગવાન...બધાં ભગવાન બિરાજે છે. ભગવાનને ઓળખીને કબૂલ કરજો.

પ્રતિબુદ્ધ થયેલો શ્રોતા એમ કહે છે કે...નિજરસથી જ મોહને મૂળથી ઉખેડીને—ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. અમારો જે મિથ્યાત્વથી અનંત સંસાર હતો તે ગયો તે ગયો. અંતરથી પ્રીતિ ઉત્પન્ન થઈ છે તે હવે જવાની નથી. મારી નિજશક્તિના સામર્થ્યથી મેં મોહને મૂળથી ઉખાડ્યો છે, દાબ્યો નથી. ગધેડાં જેમ મૂળથી ઉખાડીને ઘાસ ખાય છે તેમ, જ્ઞાનીઓ મોહને મૂળથી ઉખાડી નાંખે છે.

જોયું ? દર્શનમોહ મંદ પડ્યો માટે મને અનુભવ થયો એમ કહેતાં નથી. કોઈ પરદ્રવ્યના આશ્રયથી નહિ પણ નિજરસથી જ મેં મારા મોહને નિર્મૂળ કર્યો છે.

અહા ! શું સમયસારના કર્તા, શું એના ટીકાકાર અને શું તેના શ્રોતાઓ ! જેને ગુરુએ સમજાવ્યું છે અને જે સમજ્યો છે તે એમ કહે છે કે મારા પૂર્ણસ્વભાવની સાવધાનીના રસથી જ મેં મોહને મૂળથી ઉખેડી નાંખ્યો છે. મોહને ઉપશમ કર્યો એમ નહિ. કુંદકુંદઆચાર્ય અમૃતચંદ્રાચાર્ય હાલતાં ચાલતાં સિદ્ધ હતાં અને આ ભાવે જ સિદ્ધ થવાના છે.

મોહનો અંકુર પણ ફરી ન ઊપજે એવો તેનો નાશ કર્યો છે ત્યાં પૂરો મોહ ફરી ઉપજવાની તો વાત જ ક્યાં રહી ! મિથ્યાત્વનો જરી અંકુર પણ ફરી ન ઉપજે એવો તેનો નાશ કર્યો છે. ભગવાનના ભેટા થયાં છે તે હવે છૂટવાના નથી. પૂર્ણાનંદના નાથના ભેટા થયાં તેનો હવે વિયોગ નહિ થાય.

समूलं मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्। મોહનો મૂળ સહિત નાશ કરીને મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. જ્ઞાનની ઝળહળજ્યોતિમાં ચંદ્ર જેવી શીતળતા—શાંતિ પ્રગટ થઈ છે. જુઓ આ દિગંબરસંતોની વાણી ! શ્રીમદ્ કહે છે કે 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે....શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો જાય છે.' દિગંબરની એક કડી જેવી વાત ૩૨ સૂત્રમાં કે ૪૫

સૂત્રમાં ક્યાંય મળે તેમ નથી. ૭૬ ની સાલમાં પાંચ મહિનામાં આ બધાં સૂત્ર વાંચ્યા હતા. અહીં તો એક જ આ ધંધો કર્યો છે. ૭૮ ની સાલમાં સમયસાર હાથમાં આવ્યું અને કહ્યું કે આ પુસ્તક અશરીરી છે—અશરીરી સિદ્ધ થવા માટે આ પુસ્તક છે.

આ એક કડી—૩૮મી ગાથામાં બાર અંગનો સાર કહ્યો છે.

મોહને મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધો છે. આહાહા...! મારો પ્રભુ જ્ઞાનસ્વરૂપી–ઝળહળજ્યોતિનો પ્રકાશ મને થયો છે. સીમંધર ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે પણ અમારો ભગવાન અમારી પાસે છે એ અમારો પોકાર છે.

દ્રવ્યસ્વભાવનો જે જ્ઞાયકભાવ—મહાન જ્ઞાનપ્રકાશ તે મને પ્રગટ થયો છે. વાહ પ્રભુ! ૩૮ ગાથાએ તો હદ વાળી નાંખી છે. જીવ અધિકાર પૂરો કર્યો તેમાં જીવનો અધિકાર આવી ગયો.

લોકો તો બહારની ક્રિયામાં જીવનો અધિકાર માનીને રોકાઈ ગયા છે એ તો આસ્રવ છે ત્યાં ધર્મ ક્યાં હતો? ભગવાન બિરાજે છે તેને તો એકવાર જો! તેમાં અનંત અનંત સ્વભાવ છે તે સ્વભાવની સામે જો ને! તને ધર્મ પ્રગટશે એ ધર્મ એવો પ્રગટશે કે ફરીને મિથ્યાત્વ આવી નહિ શકે. અહા! છેલ્લી પાંચ લીટીમાં પણ કેટલા ભાવ ભર્યાં છે!

કુંદકુંદઆચાર્ય તો સંવત ૪૯માં મહાવિદેહમાં સીમંધરભગવાન પાસે ગયાં હતા. તેથી કુંદકુંદઆચાર્ય તો આવી વાત કરે પણ તેના ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય પણ આવી (જોરદાર) વાત કરે છે અને કહે છે કે અમે જે શ્રોતાને ઉપદેશ આપ્યો અને તે પ્રતિબુદ્ધ થયો તેનો આવો પોકાર છે કે અમને મહાન જ્ઞાન પ્રકાશ પ્રગટ થયો છે તે હવે કદી અસ્ત થવાનો નથી. ભલે એ ભગવાન પાસે ન ગયો હોય પણ પોતાના પૂર્ણાનંદના નાથ પાસે તો એ ગયો છે ને!

શુદ્ધનયથી ચ્યુત થઇ જાય છે એની વાત શાસ્ત્રમાં આવે છે તે તો જાણવા માટે આવે છે, મારા માટે પડવાની વાત નથી. શુદ્ધનય એ જ ખરેખર નય છે. વ્યવહારનય તો કથનમાત્ર છે, સાધારણ છે. વ્યવહારનય છે, તેનો વિષય પણ છે. પણ તે માત્ર જાણવાયોગ્ય છે. અહીં તો કહે છે કે જેણે શુદ્ધનયનો આશ્રય લીધો અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયાં, તે હવે મિથ્યાત્વમાં આવી જાય એમ બનવાયોગ્ય નથી. શાસ્ત્રનું ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન તો ઘણીવાર થયું; એ નહિ. આ તો નિજરસથી જ જ્ઞાનના ભંડારમાંથી જે મહાન જ્ઞાનનો ઉદય થયો છે તેનો હવે કદી વ્યય થવાનો નથી.

આમાં વાદવિવાદ કર્યે પાર પડે તેમ નથી. તેથી તો કુંદકુંદઆચાર્યે વાદવિવાદ કરવાની ના પાડી છે. આ ચીજ શાસ્ત્રના ભણતરથી પણ મળે તેમ નથી તો વાદવિવાદથી ક્યાંથી મળે ?

આ જીવઅધિકારનો સરવાળો છે. જીવનો જે અધિકાર છે તે આમાં બતાવ્યો છે, તેની અહીં પૂર્ણતા થાય છે.

ભાવાર્થ:—આત્મા અનાદિકાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો. સ્વભાવ તરફ જોડાણ હોવું જોઈએ તેના બદલે દર્શનમોહના ઉદયમાં જીવનું જોડાણ છે તેથી અનાદિકાળથી જીવ અજ્ઞાની છે. શુભાશુભ પરિણામથી મને લાભ થાય એમ માનીને તેણે આત્માને મરણતોલ કરી નાંખ્યો છે. જ્ઞાનાનંદના પ્રકાશના નૂરના પૂરવાળો પ્રભુ અંદર જીવતીજ્યોત હોવા છતાં પોતાને મોહ-રાગ-દ્વેષવાળો માનીને તેણે જીવતીજ્યોતને હણી નાંખી છે. જાણે હું કાંઈ છું જ નહિ. તે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકરના ઉપદેશથી મટે છે. ગુરુ પણ તીર્થંકરનો કહેલો ઉપદેશ જ આપે છે ત્યારે જે પોતાની કાળલબ્ધિ પાકી જવાથી જ્ઞાની થયો એટલે કે પુરુષાર્થ કરતાં જેની કાળલબ્ધિ પાકી ગઈ છે તેણે પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું. શાસ્ત્રભણતરમાં તો પોતાનું સ્વરૂપ અનંતવાર આવ્યું હતું પણ તેને પરમાર્થે જાણ્યું ન હતું.

સમ્યગ્દર્શન શું ચીજ છે તેની મહિમાની જીવોને ખબર નથી તેથી સાધારણ રીતે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરીને વ્રત તપાદિ કરવાથી સમ્યગ્દર્શન થયું માની લે છે.

જેણે પોતાનું સ્વરૂપ પરમાર્થે જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો. ભાવકભાવ અને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી. હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય.

ભાવક એટલે કર્મ અને તેનો ભાવ એટલે મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિથી અને જ્ઞેય એટલે પરજ્ઞેયોથી જેને ભેદજ્ઞાન થવાથી તેનાથી જુદો પડી ગયો ત્યારે શું થયું ?—કે પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી. અનંત અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય શ્રદ્ધા આદિ અનુભવમાં આવ્યાં. દયા-દાન-વ્રતાદિનો રાગ આવે છે તે તો વિકાર છે, પોતાની સંપદા નથી. તેનાથી તો એ જુદો પડી ગયો, ત્યારે પોતાની સંપદાનો લાભ થયો.

(અનુસંધાન માટે જુઓ પાનું-૧૬)

જ્ઞાનીને બંધ નથી, નિર્જરા જ છે

(શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૮૮)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. તેમાં બંધ અધિકાર ચાલે છે. 'આત્મા' એક વસ્તુ છે. તેના સ્વભાવમાં અનંત શાંતિ, આનંદ, જ્ઞાન આદિ ગુણ ભર્યાં છે પણ પુણ્ય-પાપ કે રાગ આદિ તેના સ્વભાવમાં ભર્યાં નથી. છતાં જે નિર્મળ સ્વભાવની સાથે રાગાદિ ભાવોનું એકત્વ માને છે તે જ મિથ્યાત્વભાવ છે અને તે જ બંધનું કારણ છે. તે જ સંસારની વૃદ્ધિનું કારણ છે. કર્મોને બંધના કારણ કહેવાય છે પણ ખરેખર તે બંધના કારણ નથી.

૪થા પદ્યના ભાવાર્થમાં પહેલી જ કાર્માણવર્ગણા લીધી છે.

ભાવાર્થઃ—કાર્માણવર્ગણા, યોગ, હિંસા, ઇન્દ્રિય–વિષયભોગ–એ ચારેય બંધના કારણ કહેવાય છે પરંતુ સિદ્ધાલયમાં અનંતાનંત કાર્માણ પુદ્ગલવર્ગણાઓ ભરેલી છે, તે રાગાદિ વિના સિદ્ધભગવાન સાથે બંધાતી નથી. તેરમા ગુણસ્થાનવર્તી અરિહંત ભગવાનને મન-વચન-કાયાના યોગ રહે છે પરંતુ રાગ-દ્વેષ આદિ થતાં નથી તેથી તેમને કર્મબંધ થતો નથી. મહાવ્રતી સાધુઓથી અબુદ્ધિપૂર્વક હિંસા થયા કરે છે પરંતુ રાગ-દ્વેષ ન હોવાથી તેમને બંધ નથી. અવ્રતી સમ્યગ્દૃષ્ટિજીવ પંચેન્દ્રિયવિષયો ભોગવે છે પણ તલ્લીનતા ન હોવાથી તેમને નિર્જરા જ થાય છે તેથી સ્પષ્ટ છે કે કાર્માણ-વર્ગણાઓ, યોગ, હિંસા, અને સાંસારિક–વિષય બંધના કારણ નથી, કેવળ અશુદ્ધ ઉપયોગથી જ બંધ થાય છે.

(૧) કાર્માણવર્ગણાઓ (૨) યોગ (૩) હિંસા અને (૪) ઇન્દ્રિય-વિષયભોગ આ ચારેયને બંધના કારણ કહેવા તે વ્યવહાર છે. ખરેખર તે બંધના કારણ નથી.

(૧) સિદ્ધાલયમાં જ્યાં સિદ્ધભગવાન બિરાજે છે ત્યાં પણ કાર્માણવર્ગણાઓ તો છે માટે જો એ વર્ગણા બંધનું કારણ હોય તો સિદ્ધને પણ બંધ થવો જોઈએ પણ સિદ્ધને રાગ નહિ હોવાથી વર્ગણા બંધનું કારણ તો નહિ પણ બંધમાં નિમિત્ત પણ થતી નથી. માટે નક્કી થાય છે કે જ્યાં રાગની એકતા નથી ત્યાં કાર્માણવર્ગણા હો તોપણ બંધ નથી. નિર્દોષ ભગવાન સાથે રાગની એકતા કરે તો જ બંધ થાય છે. સિદ્ધભગવાનને તેનો અભાવ છે.

(૨) હવે અરિહંતનું દૃષ્ટાંત લઈને યોગથી હિંસા નથી તે કહે છે. અરિહંત ભગવાનને મન-વચન-કાયાના યોગ તો છે પણ રાગ-દ્વેષ નહિ હોવાથી અરિહંતને બંધ થતો નથી માટે ખરેખર યોગ બંધનું કારણ નથી. ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાન, આનંદસ્વરૂપ છે તેને છોડીને વિકલ્પ સાથે એકત્વ કરે તે મિથ્યા વાસના છે, એ જ બંધનું કારણ છે.

(૩) મહાવ્રતી સાધુ ઈર્યાસમિતિપૂર્વક ચાલતાં હોય તોપણ અચાનક કોઈ જીવ ઊડીને આવે અને પગ નીચે કચરાઈને મરી જાય તો તેથી સાધુને બંધ થતો નથી. કેમ કે સાધુને તે જીવને હણવાનો ભાવ ન હતો. માટે નક્કી થાય છે કે બાહ્યહિંસાથી બંધ થતો નથી, રાગ-દ્વેષરૂપ ભાવહિંસાથી જ બંધ થાય છે.

(૪) વીતરાગમાર્ગમાં સમકિતી તેને કહીએ કે જેને શરીર, વાણી, મન અને કર્મથી જુદાપણું તો અનુભવાયું હોય પણ રાગાદિ ભાવથી પણ જુદાં, આનંદ જ્ઞાનાદિભાવનો અનુભવ થયો હોય તેને અવિરતી સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે, તેને વિષયની વાસના તો હોય છે પણ વાસનામાં સુખબુદ્ધિ કે તલ્લીનતા હોતી નથી. તેથી પાંચ ઈન્દ્રિયના વિષયો ભોગવવા છતાં તેને મિથ્યાત્વનો બંધ થતો નથી કેમ કે, તેને રાગ તો છે પણ, રાગમાં એકતા નથી. રાગથી જુદાં આત્માને અનુભવ્યો છે તેથી અતીન્દ્રિય આનંદની ભૂમિકામાં ઊભેલાં જ્ઞાનીને રાગના રાગનો રાગ નથી, રાગનો રાગ નથી.

જૈનદર્શન સૂક્ષ્મ છે. અનંતકાળમાં એક એક ગતિના અનંતવાર અવતાર કર્યાં પણ સમ્યગ્દર્શન વિના એણે રાગના ભાવને પોતાનું સ્વરૂપ માનીને કર્યો અને મિથ્યાત્વને જ સેવ્યું. રાગની મંદતા કરીને સ્વર્ગાદિના ભોગ પામ્યો પણ તે કાંઈ ધર્મ નથી. જેણે અંતરમાં ધર્મ પ્રગટ કર્યો છે એવા અવિરત સમ્યગ્દૃષ્ટિને રાગનો વિકલ્પ તો છે પણ રાગમાં એકત્વ નથી, રાગનો રાગ નથી, રાગનો પ્રેમ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી.

જુઓ ને ! ભરતચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હતા તેને સંયોગમાં ૯૬ હજાર સ્ત્રી હતી પણ કોઈમાં એકત્વબુદ્ધિ કે રસ ન હતો. વીતરાગભાવ જ્યાં અંશે પ્રગટ્યો ત્યાં હું તો વીતરાગસ્વરૂપ છું એવી સમ્યગ્દૃષ્ટિ વર્તતી હોવાથી ક્યાંય બાહ્યમાં કે રાગમાં મારાપણું થતું નથી. જે અતીન્દ્રિય આનંદનો નાથ થઈ ગયો તે રાગનો નાથ કેમ થાય ! ભલે ગૃહસ્થાશ્રમમાં રાજ-પાટ આદિ દેખાય પણ અંતરંગમાં તેની દૃષ્ટિ નિરાળી છે. સ્વરૂપ-સન્મુખ તેનું પરિણમન થઈ ગયું છે તેથી કર્મનો ઉદય આવે તે પણ ખરી જાય છે, નવીન બંધ થતો નથી.

આમ, સ્પષ્ટ થાય છે કે કર્મ, યોગ, હિંસા અને વિષયભોગ બંધના કારણ નથી. કેવળ અશુદ્ધ ઉપયોગથી જ બંધ થાય છે. જે પોતાના સ્વરૂપમાં નથી એવા રાગને સ્વરૂપમાં લાવે છે. એ અશુદ્ધભાવ જ બંધનું કારણ છે. બંધ એટલે સંસારમાં રખડવાનું કારણ છે.

હવે ત્રીજા કળશ ઉપર પાંચમું પદ્ય છે તે લઈએ.

कर्मजाल–वर्गनाकौ वास लोकाकासमांहि,
मन-वचन-कायकौ निवास गति आउमैं ।
चेतन–अचेतनकी हिंसा वसै पुग्गलमैं,
विषयभोग वरतै उदैके उरझाउमैं ॥
रागादिक सुद्धता असुद्धता है अलखकी,
यहै उपादान हेतु बंधके बढाउमैं।
याहीतैं विचच्छन अबंध कह्यौ तिहूंकाल,
राग दोष मोह नाहीं सम्यक सुभाउमैं ॥५॥

અર્થ :—કાર્માણવર્ગણાઓ લોકાકાશમાં રહે છે, મન-વચન-કાયાના યોગની સ્થિતિ ગતિ અને આયુષ્યમાં રહે છે, ચેતન-અચેતનની હિંસાનું અસ્તિત્વ પુદ્ગલમાં છે, ઇન્દ્રિયોના વિષય-ભોગ ઉદયની પ્રેરણાથી થાય છે તેથી વર્ગણા, યોગ, હિંસા અને ભોગ–આ ચારેનો સદ્ભાવ પુદ્ગલસત્તામાં છે–આત્માની સત્તામાં નથી, તેથી એ જીવને કર્મબંધના કારણ નથી અને રાગ-દ્વેષ-મોહ જીવના સ્વરૂપને ભુલાવી દે છે તેથી બંધની પરંપરામાં અશુદ્ધ ઉપયોગ જ અંતરંગકારણ છે, સમ્યક્ત્વભાવમાં રાગ-દ્વેષ-મોહ હોતાં નથી તેથી સમ્યગ્જ્ઞાનીને સદા બંધરહિત કહ્યાં છે.

કર્મ થવાને યોગ્ય રજકણો જગતમાં રહેલાં છે, તે કાંઇ આત્મામાં રહેલાં નથી. આત્મામાં તો જ્ઞાન અને આનંદ છે. તેમાં કર્મ નથી માટે તે બંધનું કારણ નથી.

મન-વચન-કાયાનું કંપન થાય તેની મર્યાદા ગતિ અને આયુષ્ય સુધીની જ છે. આત્માને તે યોગ કાંઈ કરી શકતો નથી. યોગનું કંપન આત્મામાં નથી માટે તેનાથી આત્માને બંધ નથી. જડની ક્રિયા જડમાં છે, આત્મામાં જડની ક્રિયા નથી. આત્મામાં તો જ્ઞાન અને આનંદ વસેલાં છે તેનાથી બંધ થતો નથી. ચેતન-અચેતનની હિંસા શરીરની ક્રિયાથી થાય છે આત્માથી થતી નથી.

વિષયની વાસના કર્મના ઉદયથી છે. ધર્મીના ભાવમાં વિષયનો પ્રેમ નથી. માટે તેનાથી બંધ નથી. કર્મના નિમિત્તથી થતાં રાગને ધર્મી પોતાનો માનતો નથી, તેના સ્વામી થતાં નથી, ધર્મી એમ જાણે છે કે મારા સ્વરૂપમાં કર્મ અને રાગ તો નથી પણ અલ્પજ્ઞપણું પણ મારા ત્રિકાળસ્વરૂપમાં નથી. પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ મારા આત્મામાં બંધ હોઈ શકે નહિ.

આમ, કાર્માણવર્ગણા, યોગ, હિંસા અને ભોગ એ ચારેય પુદ્ગલની સત્તામાં છે, જીવની સત્તામાં નથી માટે તે બંધના કારણ નથી. જીવની દશામાં રાગની એકતારૂપ અશુદ્ધતા અથવા રાગથી ભિન્નતા અને સ્વભાવની એકતારૂપ શુદ્ધતા જ હોય છે. તેમાંથી રાગની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ જ જીવને બંધનું કારણ થાય છે. દશામાં રહેલી અશુદ્ધતા જ જીવને સંસારમાં રખડવાનું કારણ થાય છે.

રાગાદિથી રહિત એવી શુદ્ધતા અને રાગાદિથી સહિત એવી અશુદ્ધતા એ બે જ અલખની સત્તામાં છે એટલે કે આત્માની દશામાં છે. રાગ તો ખરેખર આત્માના સ્વભાવમાં નથી પણ રાગની એકતા કરે છે તેથી તેની દશામાં મિથ્યાત્વ થાય છે. રાગને આત્માના સ્વભાવમાં એકત્વ કરવો તે મૂઢતા છે—અશુદ્ધતા છે. રાગથી રહિત દશા તે શુદ્ધતા છે. આ બે જ ભાવ આત્માની દશામાં છે, ત્રીજો ભાવ તેમાં નથી.

અશુદ્ધતા એટલે શું?—રાગને ઉપયોગમાં એકાકાર કરવો તે અશુદ્ધતા છે. શુદ્ધતા એટલે શું? —રાગથી ભિન્ન આત્માનું ભાન કરવું તેનું નામ શુદ્ધતા છે. અજ્ઞાનભાવે આત્મા અશુદ્ધતાને કરે છે અને જ્ઞાનભાવે આત્મા શુદ્ધતાને કરે છે એ સિવાય ત્રીજા ભાવને આત્મા કરતો નથી. આત્માના પરિણમનમાં શુદ્ધતા અથવા અશુદ્ધતા સિવાય ત્રીજું કાંઈ નથી.

શ્રોતા :—આત્મા રાગનો કર્તા નથી ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગ છે તે અશુદ્ધતા છે. અજ્ઞાનભાવે આત્મા જ તે રાગની અશુદ્ધતાને કરે છે. વસ્તુની દૃષ્ટિએ આત્મા રાગનો કર્તા નથી પણ અજ્ઞાનભાવમાં અશુદ્ધતાનું એકત્વ આત્માએ જ કર્યું છે. સર્વવિશુદ્ધ અધિકારમાં આવે છે ને! જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગાદિનો કર્તા આત્માને માન! ભેદજ્ઞાન થયા પછી કર્તા નથી એમ જાણ! વસ્તુ તો જેમ હોય તેમ આચાર્યદેવની વાણીમાં આવે ને! રાગ મારું સ્વરૂપ છે એવી મૂઢતા તે અશુદ્ધતા છે.

ભગવાન આત્મા તો પવિત્ર શુદ્ધ આનંદકંદ છે એ જ એનું સ્વરૂપ છે. પુણ્ય-પાપ આસ્રવતત્ત્વનું સ્વરૂપ છે. કર્મ અને શરીર અજીવતત્ત્વ છે. અજીવ અને આસ્રવથી આત્માનું સ્વરૂપ જુદું છે તેને તેનાથી સહિત માનવું એ જ મૂઢતા છે. આ જ બંધનું મૂળ છે.

यहै उपादान हेतु बंधके बढाउमैं। જે સ્વયં કાર્યને કરે છે તે ઉપાદાન છે. સ્વભાવમાં રાગના વિકારને એકપણે માને છે તે મિથ્યાત્વભાવ છે એ જ દર્શનમોહ આદિના બંધનું ઉપાદાનકારણ છે.

અહીં તો સમકિતીને બંધનમાંથી કાઢી નાંખે છે કેમ કે તેની દૃષ્ટિ અબંધસ્વભાવ ઉપર પડી છે. શરીર અને કર્મની જેમ રાગ પણ જીવના સ્વરૂપમાં નથી એવા જીવસ્વરૂપમાં જેની દૃષ્ટિ પડી છે એવા વિચક્ષણ–ધર્મી–સમકિતીને અબંધ કહ્યાં છે. અબંધ આત્મસ્વભાવનો ગુણ અબંધ, દ્રવ્ય અબંધ અને તેનું સમકિત પણ અબંધ છે. તેથી જ સમકિતીને ત્રણેકાળ અબંધ કહ્યા છે.

राग दोष मोह नाहि सम्यक सुभाउमैं। સ્વભાવમાં રાગ-દ્વેષ-મોહ નથી, તેમ સ્વભાવની દૃષ્ટિમાં પણ રાગ-દ્વેષ-મોહનો અભાવ છે. અવિરતી સમ્યગ્દૃષ્ટિ અવિરતીથી રહિત છે. આવી વાત છે. સમ્યક્ત્વભાવમાં રાગ-દ્વેષ-મોહ હોતા નથી માટે સમકિતીને સદા અબંધ કહ્યા છે. રાગ-દ્વેષ-મોહ જીવના સ્વરૂપને ભુલાવી દે છે. તેથી રાગ-દ્વેષ-મોહને જ બંધપરંપરામાં અંતરંગકારણ કહ્યાં છે. કાર્માણવર્ગણા, યોગ, હિંસા અને વિષયભોગ તો બહિરંગકારણ છે.

સમ્યગ્દૃષ્ટિએ ભાવબંધથી પોતાને ભિન્ન પાડ્યો છે ત્યારે તો સમ્યગ્દૃષ્ટિ થયાં છે. જેમ શરીર અને કર્મ આત્માથી ભિન્ન છે તેમ રાગ પણ જીવના સ્વભાવથી ભિન્ન છે એમ જ્યાં જાણ્યું ત્યાં રાગની દૃષ્ટિ છૂટીને સ્વભાવદૃષ્ટિ થઇ તેમાં રાહરહિત શુદ્ધસ્વભાવનું પરિણમન છે તેનાથી બંધ નથી. જેટલું અશુદ્ધપરિણમન છે તે ધર્મીના જ્ઞાનનું જ્ઞેય છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે પણ તે અવિરતને ધર્મી પોતાના સ્વરૂપ તરીકે ખતવતાં નથી. એવું જ સ્વરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે એટલે ભાવબંધથી મુક્ત છે. ભગવાન આત્મા શું ચીજ છે અને તેની મહત્તા અને મોટપ શું છે તેની જીવોને ખબર નથી. તેથી રાગને મોટપ આપી દે છે તેનો અર્થ એ કે રાગમાં એકત્વ કરે છે. અજ્ઞાની રાગને પોતાની ઉપયોગભૂમિમાં લાવે છે અને જ્ઞાની પોતાની ઉપયોગભૂમિમાં રાગને લાવતાં નથી બસ ! આટલો જ ફેર છે.

જે પોતાના સ્વરૂપમાં નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિ, હિંસા, ચોરી આદિ પરિણામને પોતાની ઉપયોગભૂમિમાં લાવે છે તે અજ્ઞાની છે. જે સ્વભાવમાં નથી, તેને લાવવા તેનું નામ મિથ્યાત્વ—મૂઢતા અને તે જ બંધનું કારણ છે. જ્ઞાની કોઇ રાગાદિને ઉપયોગભૂમિમાં લાવતાં જ નથી. એ તો બસ એકલા શુદ્ધ જ્ઞાન...જ્ઞાન...જ્ઞાનરૂપે જ પરિણમે છે. રાગરૂપે પરિણમવું તે આત્માનું સ્વરૂપ નથી.

આ જાણીને સ્વચ્છંદી થવું યોગ્ય નથી. યોગ, હિંસા, રાગ આદિનો કર્તા આત્મા નથી માટે ગમે તેમ યોગ, હિંસા કે રાગાદિ થાઓ તેથી અમને શું છે ! એવી ભાવના સમકિતીને હોતી નથી. હિંસા આદિથી બચવાનો પ્રયત્ન તેના શુભપરિણામમાં હોય જ છે ભલે તે શુભભાવને પોતામાં ખતવે નહિ તોપણ શુભભાવમાં એવો પ્રયત્ન હોય છે કે જેથી સ્વચ્છંદી ન થવાય, અશુભમાં ન જવાય. આ વાત ચોથા શ્લોકમાં કહે છે તેનું ૬ ઠું પદ્ય આ પ્રમાણે છે.

'જોકે જ્ઞાની અબંધ છે તોપણ પુરુષાર્થ કરે છે'

कर्मजाल–जोग हिंसा–भोगसौं न बंधै पै,
तथापि ग्याता उद्दिमी बखान्यौ जिन बैनमैं ।
ग्यानदिष्टि देत विषै-भोगनिसौं हेत दोऊ
क्रिया एक खेत यौं तौ बनै नांहि जैनमैं ॥
उदै–बल उद्दिम गहै पै फलकौं न चहै,
निरदै दसा न होइ हिरदैके नैनमैं ।
आलस निरग्दिमकी भूमिका मिथ्यात्व मांहि,
जहां न संभारै जीव मोह नींद सैनमैं ॥६॥

અર્થ :—સ્વરૂપની સંભાળ અને ભોગોનો પ્રેમ—એ બંને વાતો એક સાથે જૈનધર્મમાં હોઈ શકે નહિ, તેથી જોકે સમ્યગ્જ્ઞાની વર્ગણા, યોગ, હિંસા અને ભોગોથી અબંધ છે તોપણ તેને પુરુષાર્થ કરવાને માટે જિનરાજની આજ્ઞા છે. તેઓ શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ ફળની અભિલાષા રાખતાં નથી અને હૃદયમાં સદા દયાભાવ રાખે છે, નિર્દય હોતા નથી. પ્રમાદ અને પુરુષાર્થહીનતા તો મિથ્યાત્વદશામાં જ હોય છે જ્યાં જીવ મોહનિદ્રાથી અચેત રહે છે. સમ્યક્ત્વભાવમાં એવી પુરુષાર્થહીનતા નથી.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં તેને રાગની એકતા તૂટી ગઈ હોવાથી અબંધ કહેવાય છે. પણ સમ્યગ્દૃષ્ટિ સ્વચ્છંદી થતાં નથી. આબરૂનો પ્રેમ હોય, ભોગોનો

પ્રેમ હોય, અનુકૂળતાનો ઉત્સાહ હોય અને કહે કે મારી દૃષ્ટિ આત્મા ઉપર છે એ બંને વાત સાથે હોઈ શકે જ નહિ. સમ્યગ્દૃષ્ટિને સ્વચ્છંદી ન થવાય તેનો પુરુષાર્થ હોય છે. સ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ તો ધર્મીને હોય જ છે પણ શુભભાવમાં આ પુરુષાર્થ પણ વર્તે છે કે જેથી તેને સ્વચ્છંદી ન થાય. એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેમ ધર્મીને આત્માનો પ્રેમ છે અને વિષય-કષાયનો પણ પ્રેમ છે એ બંને પ્રેમ એક સાથે હોઈ શકે જ નહિ.

અહીં તો એકલી રાગમાં એકતાને જ બંધ કહેવો છે. તેથી કહ્યું છે કે મિથ્યાત્વ તે જ સંસાર છે એમ જાહેર થાવ.

ધર્મીને હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ રહે છે અને વિષય-સુખમાં પ્રેમ રહેતો નથી. જે કહે છે કે મારે તો બંને એકસાથે રહે છે તે સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે. આત્માના પ્રેમીને બાહ્યચીજનો ઉમંગ આવે જ નહિ. પૂર્વ ઉદય અનુસાર રાગનો ભાગ આવે છે પણ તેના ફળને ધર્મી ચાહતાં નથી.

ભરતેશ વૈભવમાં આવે છે કે ભરત ચક્રવર્તીને પ્રથમ પુત્રરત્નની પ્રાપ્તિ થઈ ત્યારે મોટો મહોત્સવ કર્યો હતો. ધર્મીને પુરુષાર્થની નબળાઈથી એવો રાગ આવે પણ તેમાં લીનતા ન હોય. આ રાગ કરવા જેવો છે એવી ઉપાદેયબુદ્ધિ ન હોય, રાગ આવ્યો તેનો કાંઈ વાંધો નથી એમ ન હોય. બહારથી ઉત્સાહ દેખાય પણ અંદરમાં લૂખાશ હોય છે તેથી તો કહ્યું છે કે—

'સમ્યગ્દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખીલાવે બાળ.'

વળી, ધર્મી હૃદયમાં સદા દયાભાવ રાખે છે. અનંતાનુબંધી કષાયનો અભાવ થયો હોવાથી હૃદયમાં કરુણાભાવ વર્તે છે. બાહુબલી ઉપર ભરત ચક્રવર્તીએ ચક્ર છોડ્યું પણ એ વિકલ્પના એ જ્ઞાતા હતાં. અંતરમાં અકષાય કરુણા વર્તતી હતી. આ તો તલવારની ધાર ઉપર ચાલવા જેવી સ્થિતિ છે. અજ્ઞાની કોઈ આ તલવારની ધાર ઉપર ચાલી ન શકે.

ધર્મી તો તેને કહીએ કે જેને પોતાના આનંદના પ્રેમ પાસે બીજે ક્યાંય પ્રેમ આવતો જ નથી. ધર્મીની પ્રથમદશામાં આવી સ્થિતિ હોય છે. બીજા વખાણ કરે માટે પોતાને મોટો માનવા ન લાગે. સમકિતીને આઠ મદનો અભાવ હોય છે. જ્ઞાનસ્વભાવથી પોતાની અધિકતા જેને ભાસી છે તેને બીજે ક્યાંય મહાનતા કેમ લાગે !

બિલાડીની કેડ ભાંગી જાય પછી કેવી લૂલી ચાલે ! તેમ ધર્મીને રાગ પોતાનો નથી એમ ભાન થયા પછી રાગ લૂલો થઈ જાય છે. થોડો રાગ આવે પણ રાગનો રસ ન આવે. આ વીતરાગમાર્ગ છે તેમાં રાગને પોતાનો માને તો વીતરાગમાર્ગ જ ન રહે.

રામચંદ્રજી સમકિતી હતાં છતાં સીતાજીને રાવણ ઉપાડી ગયો ત્યારે સીતા...મારી સીતા...ક્યાં ગઈ ! એમ ચારેકોર શોધે છે. એ બધાં રાગના ચાળાં હતાં. છતાં પોતે જ્ઞાની છે. સીતાજીની વાત લ્યો ને ! જ્યારે રાવણ ચલિત કરવા આવ્યો ત્યારે પોતે ચલિત ન થયાં પણ સ્વર્ગમાં ગયા પછી પોતે રામચંદ્રજીને ચલિત કરવા આવ્યાં. રામચંદ્ર તો ધ્યાનમાં હતાં તેની સામે સીતાનું રૂપ લઈને આવ્યા અને રામને કહે છે તમે રાજમાં પાછા આવો. રાજમાં આપણે સાથે રહેશું. આ બધા રાગના વિકલ્પ આવાં હોય છે. તેમાંય મોટા પુરુષની મોટી વાતો. બાળકના હાથથી કાપડના માન ન થાય તેમ અજ્ઞાનીના જ્ઞાનથી જ્ઞાનીના માપ ન થાય. રામચંદ્ર તો પુરુષોત્તમ પુરુષ થઈ ગયાં. સમકિતી હતાં, વીતરાગના ભક્ત હતાં, મુનિ થઈ, કેવળજ્ઞાન પામી મોક્ષ પધાર્યાં છે.

આવી વાત છે. જ્ઞાનીને અંદરમાં રાગ ખટકતો હોય છે, રાગને સુખરૂપ માનતો નથી. હૃદયમાં રાગ ખટકતો હોય છે. ધર્મીને સ્વભાવ તરફનો પુરુષાર્થ છે અને સ્વચ્છંદી ન થવાય એ માટે શુભભાવમાં પણ પુરુષાર્થ હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. આપણે સમકિતી થયા માટે હવે કોઈ જાતનો ડર નથી—એમ ન હોય. નિર્ભયતા તો છે પણ સ્વચ્છંદતા નથી. ગમે તે રાગ આવે એમ ન હોય. જ્ઞાનીને ભૂમિકા અનુસાર જ રાગ આવે. આળસ અને નિરૂદ્યમ તો મિથ્યાત્વદશામાં જ હોય. એ વાત આગળ ૯ મા પદ્યમાં આવશે.

ધર્મીને શુદ્ધ ચૈતન્યભગવાન તરફનો પ્રયત્ન તો છે જ, સાથે તેનું ઘોલન થતાં શુભવિકલ્પમાં તેને અનુરૂપ ભાવ જ હોય છે. આળસ અને પુરુષાર્થહીનતા હોતી નથી.

જ્યાં જીવ પોતાના આનંદસ્વરૂપને ન સંભાળે અને એકલાં રાગમાં એકાકાર થાય—એ મિથ્યાદૃષ્ટિની દશા છે. જ્યાં જીવ મોહનિદ્રામાં અચેત રહે છે ત્યાં જ પ્રમાદ અને પુરુષાર્થહીનતા રહે છે. કારણ કે રાગની એકતામાં આત્માની સચેતદશા અવરાઈ જાય છે. સમ્યક્ત્વભાવમાં આવી પુરુષાર્થહીનતા હોતી નથી. પોતાના સ્વરૂપની રચનાનો પુરુષાર્થ તેને કાયમ હોય છે અને સાથે વિકલ્પ પણ એ જાતનો જ હોય છે, સ્વચ્છંદ હોતો નથી. સ્વભાવ-સન્મુખની ઘોલનદશા અને તેમાં સ્થિરતા ન થાય ત્યારે વિકલ્પ આવે તે પણ તેને અનુકૂળ થવાનો હોય છે. બાકી, જે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને યાદ

ન કરે અને રાગને યાદ કરે એ તો મોહનિદ્રામાં સૂતો છે, તે મિથ્યાદૃષ્ટિ છે, તેને ચોરાશીના અવતારમાં રખડવું થાય તેવા કર્મોનું બંધન થાય છે. મોક્ષાર્થીનું તો લક્ષણ જ બાંધ્યું છે કે–

"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુઘટ વિષે, તેહ સદાય સુજાગ્ય."

ધર્મીને સ્વચ્છંદતા નહિ હોવાથી રાગની મંદતામાં આ કહ્યાં તેવા જ પરિણામ હોય છે. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું કહ્યું માટે તે દુષ્કર છે—એમ નથી. તેમાં દુઃખ નથી. રાગથી રહિત સ્વરૂપને જાણવું, માનવું અને રાગ આવે છતાં સ્વચ્છંદ ન સેવવો એવી વીતરાગની આજ્ઞા છે. રાગમાં એકત્વ માનવું એ ભગવાનની અજ્ઞાથી વિરૂદ્ધ છે. રાગથી લાભ અને ધર્મ માનનારો મિથ્યાત્વમાં પડ્યો છે તે સ્વરૂપને સાધવામાં આળસું છે. ધર્મી તો સ્વરૂપ માટે સદા સાવધાન છે. *(ક્રમશઃ)*

*

(સ્વરૂપસંપદા.....૭મા પાનાથી ચાલુ)

જેનાથી જુદાં પડવાનું છે—જેનો ક્ષય કરવાનો છે તેનાથી જીવને લાભ કેવી રીતે થાય ?— થાય જ નહિ પણ અત્યારે પ્રરૂપણા ફરી ગઇ છે. વાણિયા ધંધા આડે નવરા નથી, ઘર અને ધંધામાંથી સમય કાઢીને કલાક સાંભળવા જાય ત્યારે ગુરુ જે કહે તે સાંભળીને જયકાર બોલાવીને નીકળી જાય. સમજવાનો અવકાશ લેતો નથી. સંસારના કાર્યોમાં ઘણું ડહાપણ કરે, મોટા ઉદ્યોગો કરે પણ એ બધાં મૂર્ખાઈમાં મોટાં છે.

અહીં તો જેને પોતાની સ્વરૂપની સંપદા પ્રાપ્ત થઈ તેને હવે ફરી મોહ ઉત્પન્ન થવાનો નથી એમ કહીને ગાથા પૂરી કરી છે.

*

પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું, કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણસંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે.

—શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૦૦

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :— *બહારની મીઠાશ હજી છૂટતી નથી, તો આત્મા મેળવવા શું કરવું ? આગળ કેમ જવાય ?*

સમાધાન :— આત્મા બધાથી જુદો કોઈ અપૂર્વ છે એમ આત્માને ઓળખે તો ભવનો અંત થાય. ગુરુદેવે જ્ઞાયકને ઓળખવાનો માર્ગ બતાવ્યો છે તેને ઓળખે તો ભવનો અંત થાય. આત્માની મીઠાશ લાગવી જોઈએ. અંદરથી આત્માની મીઠાશ અને તેની જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થાય. આત્માની મીઠાશ લાગતી નથી, અને બહારની મીઠાશ લાગે છે તો બહારનું મળે છે. અને જો આત્માની મીઠાશ લાગે છે તો આત્મા મળે છે. આત્માની મીઠાશ લાગતી નથી તો આત્મા ક્યાંથી મળે ? તેને અંતરથી આત્માની અપૂર્વતા લાગવી જોઈએ. જેમ ભગવાન કોઈ જુદા છે તેમ મારો આત્મા ભગવાન જેવો છે—આમ ઓળખે તો આગળ જવાય.

પ્રશ્ન :— *શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃતમાં આવે છે કે તું બીજું કાંઈ શોધ મા, એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે, પછી તને જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. તેની વિશેષ સ્પષ્ટતા સમજાવવા કૃપા કરશો.*

સમાધાન :— તત્ત્વને જેણે ગ્રહણ કર્યું છે, સ્વાનુભૂતિ જેણે પ્રગટ કરી છે, માર્ગ જેણે પ્રગટ કર્યો છે, અને જેઓ માર્ગને જાણે છે એવા એક સત્પુરુષને ગોત, તેઓ તને બધું કહેશે. તને અંતરથી કાંઈ સમજાતું નથી તો સત્પુરુષને શોધ અને પછી સત્પુરુષ જે બધું કહે છે તેનો આશય ગ્રહણ કરી લે.

મોક્ષ મારી પાસેથી લેજે એટલે કે તને મોક્ષ મળવાનો જ છે, સત્પુરુષને તેં ગ્રહણ કર્યા અને ઓળખ્યા તો તને માર્ગ મળવાનો જ છે, મોક્ષ પ્રગટ થવાનો જ છે. માટે 'મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' તેનો અર્થ એ છે કે તને મોક્ષ મળવાનો જ છે.

અનંતકાળથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, તેને દેવ-શાસ્ત્ર કે ગુરુ મળે અને પોતાનું ઉપાદાન તૈયાર હોય તો પ્રાપ્ત થાય. એવો નિમિત્ત–ઉપાદાનનો સંબંધ છે. અંતરથી દેશનાલબ્ધિ પ્રગટ થાય એટલે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય. સમ્યગ્દર્શન થાય છે પોતાના ઉપાદાનથી, પણ નિમિત્ત સાથે એવો સંબંધ હોય છે. માટે તું એક

સત્‌પુરુષને ગોત, તેમાં તને બધું જ મળી રહેશે. સત્‌પુરુષ તને મળે અને માર્ગ પ્રાપ્ત થયા વગર રહે તેવું બનતું નથી, અવશ્ય માર્ગ પ્રાપ્ત થાય જ. કારણ કે સત્‌પુરુષ પ્રત્યે તને ભક્તિ અને અર્પણતા આવી છે તથા તેં સત્‌પુરુષને ઓળખ્યા છે તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ.

જે ભગવાનને ઓળખે તે પોતાને ઓળખે અને પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. ભગવાનના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખે તે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખે. તું સત્‌પુરુષને ઓળખ, તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ. તેનાથી અવશ્ય તને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થશે અને અવશ્ય તને મોક્ષ મળશે જ. અનાદિકાળથી પોતાને માટે અજાણ્યો માર્ગ છે, તેથી સમ્યગ્દર્શનની તૈયારી થાય અને પહેલું–વહેલું સમ્યગ્દર્શન થાય ત્યારે દેવ કે ગુરુનું નિમિત્ત અવશ્ય હોય છે. માટે તું સત્‌પુરુષને ગોત એમ કહે છે. સત્‌પુરુષને તું ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ એવો તેનો અર્થ છે.

પોતે સત્‌પુરુષને ગ્રહણ કર્યા–ઓળખ્યા–ક્યારે કહેવાય? કે આત્માની પ્રાપ્તિ થાય તો, જો આત્મ-પ્રાપ્તિ ન થાય તો સત્‌પુરુષને તેણે ઓળખ્યા જ નથી, ગ્રહણ કર્યા જ નથી અને તેનો આશય ગ્રહણ કર્યો જ નથી.

પ્રશ્ન :— *હમ તો મુક્તિકે લિયે પુરુષાર્થ કરતે હૈં લેકિન નિયમસારમેં મુનિરાજ કહતે હૈં કિ મુક્તિમેં ઔર સંસારમેં અંતર નહીં હૈ તો વહ કૈસે અંતર નહીં હૈ?*

સમાધાન :— દ્રવ્યકી અપેક્ષાસે ઐસા કહા હૈ. દ્રવ્ય જૈસા શુદ્ધ મુક્તિમેં હૈ વૈસા હી શુદ્ધ સંસારમેં ભી હૈ. વહ શુદ્ધતાસે ભરા હૈ. જૈસા ભગવાનકા દ્રવ્ય હૈ વૈસા અપના દ્રવ્ય હૈ. મુક્તિકી પર્યાય પ્રગટતી હૈ લેકિન દ્રવ્ય તો વૈસા કા વૈસા હી રહતા હૈ. સબ વિકલ્પ તોડકર ભીતરમેં જાતા હૈ તો મુક્ત દ્રવ્ય દેખનેમેં આતા હૈ. દ્રવ્ય મુક્ત હી હૈ, જબ કિ બંધન ઔર મુક્તિ પર્યાયમેં હોતી હૈ.—ઐસા કહતે હૈં તો પુરુષાર્થ નહીં કરના ઐસા અર્થ નહીં હૈ. દ્રવ્ય તરફ દેખો તો મુક્તસ્વરૂપ હી દેખનેમેં આતા હૈ. ઉસકો બંધન યા વિભાવ હુઆ હી નહીં. યદિ દ્રવ્યમેં વિભાવ હો તો કભી છૂટે હી નહીં, વિભાવ હી સ્વભાવ હો જાય. અર્થાત્ યદિ વિભાવ ભીતરમેં ચલા જાય તો વહ સ્વભાવ હો જાય. લેકિન વિભાવ ભીતરમેં હૈ હી નહીં, ઈસલિયે દ્રવ્ય મુક્ત હી હૈ.

આચાર્યદેવ પર્યાયકો ગૌણ કરકે કહતે હૈં કિ હમ તો દ્રવ્યકો દેખતે હૈં, પર્યાય ઉપર દૃષ્ટિ નહીં દેતે. પર્યાયકો ગૌણ કરકે ઔર દ્રવ્યકો મુખ્ય કરકે સિદ્ધભગવાન જૈસા

મુક્તસ્વરૂપ આત્માકો દેખતે હૈં તો ઉસમેં કુછ ભી ભેદ દેખનેમેં આતા હી નહીં. દ્રવ્ય ઐસા મુક્તસ્વરૂપ હૈ તો ભી આચાર્ય પુરુષાર્થ કરતે હૈં. મુનિરાજ છઠ્ઠવેં–સાતવેં ગુણસ્થાનમેં ઝૂલતેં હૈં ઔર કહતે હૈં કિ સંસાર ઔર મુક્તિમેં કુછ ભેદ નહીં. ફિર ભી પુરુષાર્થ કરતે હૈં. કોઈ મુનિરાજ તો શ્રેણી ચઢકર કેવલજ્ઞાન પ્રગટ કરતે હૈં. ઐસે પુરુષાર્થ કરતે હૈં ફિર ભી આચાર્ય કહતે હૈં કિ મુક્તિ ઔર સંસારમેં ભેદ નહીં હૈ, ક્યોંકિ દ્રવ્ય તરફસે દેખો તો આત્મા મુક્તસ્વરૂપ હી દીખનેમેં આતા હૈ.

પ્રશ્ન :— *આજ સબેરે પૂજ્ય ગુરુદેવશ્રીકી ટેપમેં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઈન્દ્રિયકે વિષયભૂત પદાર્થકી બાત આયી થી. ઉસમેં અરિહંત ભગવાનકી દિવ્યધ્વનિકો ભી ઈન્દ્રિયકે વિષયભૂત પદાર્થમેં લિયા કિન્તુ પ્રવચનસારકી ૮૦મી ગાથામેં આતા હૈ કિ જો ભગવાનકા દ્રવ્ય–ગુણ–પર્યાયકો જાનતા હૈ ઉસકા મોહ ક્ષયકો પ્રાપ્ત હોતા હૈ, તો યહ કૈસે કહા ?*

સમાધાન :— યહ દૂસરી બાત હૈ ઔર વહ દૂસરી બાત હૈ, દોનોંકી અપેક્ષા અલગ અલગ હૈ. જિતેન્દ્રિયસ્વરૂપ આત્મા દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઈસકે વિષયભૂત પદાર્થ–વહ સબસે ભિન્ન હૈ. દૃષ્ટિકા વિષયભૂત આત્મપદાર્થ, ભાવેન્દ્રિય–ક્ષયોપશમજ્ઞાન–જિતના ભી નહીં, વહ તો પૂર્ણસ્વરૂપ હૈ. આત્મામેં જ્ઞાન કમ હો ગયા ઉસકી વૃદ્ધિ હો ગઈ ઐસી કોઈ અપેક્ષા લાગુ નહીં હોતી. વહ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ શુદ્ધાત્મા હૈ. ઈસલિયે યહ સબ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઉનકે વિષયસે આત્માકો ભિન્ન દેખો. ઉસસે–આત્માકો ભિન્ન દેખનેસે ભેદજ્ઞાન ઔર સ્વાનુભૂતિ હોતી હૈ, જિસકો જિતેન્દ્રિય કહનેમેં આતા હૈ.

પ્રવચનસારમેં ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાય દેખનેવાલા અપનેકો દેખતા હૈ ઐસા કહા હૈ તો વહાં નિમિત્ત–ઉપાદાનકા સંબંધ દિખાયા હૈ. અનાદિકાલસે જીવને આત્માકો પીછાના નહીં. જબ ભગવાન જૈસા પ્રબલ નિમિત્ત મિલતા હૈ તબ આત્માકી પીછાન હોતી હૈ. અર્થાત્ ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાયકો સમજ લે તો અપના આત્મા સમજમેં આતા હૈ કિ જૈસી ભગવાનકી આત્મા વૈસી અપની આત્મા. ઐસે નિમિત્ત–ઉપાદાનકા સંબંધ દિખાતે હૈં.

યહાં તૂ સબસે ભિન્ન હૈ ઐસા દિખાતે હૈં. ભગવાનકી ધ્વનિ સુનનેમેં રાગ આતા હૈ વહ પ્રશસ્ત રાગ હૈ, વહ પ્રશસ્ત રાગકો તોડકર સ્વરૂપમેં લીન હોતે હૈં તબ મુનિ વીતરાગ હો જાતે હૈં ઔર કેવલજ્ઞાન પા લેતે હૈં. મગર બીચમેં દિવ્યધ્વનિ સુનનેકા રાગ આતા હૈ, વહાં ભગવાન રાગકા વિષયભૂત પદાર્થ હૈ.

દ્રવ્યદૃષ્ટિસે આત્મા રાગસે ભિન્ન હી હૈ. પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા હૈ, ઉસકો

તૂ દેખ લે. યહ રાગાદિ તો સબ બાહ્ય હૈ ઔર બાહ્ય લક્ષસે હી દિવ્યધ્વનિ સુનના આદિકા રાગ આતા હૈ. ઈસલિયે તૂ દ્રવ્યદૃષ્ટિસે પૂર્ણ સ્વરૂપકો યથાર્થ દેખ લે. સૂક્ષ્મ પ્રશસ્ત રાગ ભી આત્માકા સ્વરૂપ નહીં હૈ. ઉપયોગ બાહર જાનેસે રાગ આતા હૈ ઔર સ્વરૂપમેં લીન હો જાય તો રાગ નહીં હોતા. પરંતુ બીચમેં રાગ આયા બિના રહતા નહીં. જબ તક સ્વરૂપકો સમજકર પૂર્ણ વીતરાગદશા હુઈ નહીં તબ તક છદ્મસ્થકો પ્રશસ્ત રાગ આતા હૈ, ભગવાનકી દિવ્યધ્વનિ સુનનેકા રાગ આતા હૈ ઐસા તૂ જાન.

ભગવાનકે દ્રવ્ય–ગુણ–પર્યાય તૂ સમજ, તો તુજે તેરા સ્વરૂપ સમજમેં આયેગા. ઐસા નિમિત્ત–ઉપાદાનકા સંબંધ હૈ. અનાદિકાલસે જિસે સમ્યગ્દર્શન નહીં હુઆ ઉસ જીવકો ભગવાનસે દેશનાલબ્ધિ હોવે તો સમ્યગ્દર્શન પ્રગટ હોનેમેં ભગવાનકો નિમિત્ત કહનેમેં આતા હૈ. ઉપાદાન તો અપના, અપને પુરુષાર્થસે સમજ હોતી હૈ વો કુછ સમજ કર નહીં દેતે, ફિર ભી વે નિમિત્ત બનતે હૈં. ભગવાનકી વાણી સુને તબ અપની આત્મા સમજમેં આતી હૈ ઔર ભગવાનકી આત્માકો સમજે તબ અપની આત્માકો સમજે, ઐસા નિમિત્ત-ઉપાદાનકા સંબંધ હૈ. રાગ દ્રવ્યદૃષ્ટિમેં નહીં હૈ. પર પર્યાયમેં રાગ હોતા હૈ, પ્રશસ્ત રાગ આતા હૈ. ઈસ લિયે દ્રવ્યદૃષ્ટિ ઔર પર્યાયકા જ્ઞાન સાથમેં રખકે વિચાર કરના ચાહિએ.

*

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં કલશારોહણનો

❋ મંગલ મહોત્સવ ❋

પૂજ્ય સદ્ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતાના ધર્મોપકારપ્રતાપે સુવર્ણપુરી (સોનગઢ)માં પ્રતિષ્ઠિત જિનાયતનોના કલશોને પુનઃ સુવર્ણથી વિભૂષિત કરી તેમની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરીને, કલશારોહણના મંગલ મહોત્સવનું શુભ આયોજન તા. ૧૯ તથા ૨૦ ડિસેમ્બર, ૨૦૦૧, બુધવાર તથા ગુરુવાર–એમ બે દિવસ રાખવામાં આવ્યું છે. આ શુભ પ્રસંગે સર્વ મુમુક્ષુઓને સોનગઢ પધારવા નિમંત્રણ છે.

પ્રમુખ : હસમુખલાલ પોપટલાલ વોરા
શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ પરભાવ હોવા છતાં એટલે કે દયા, દાન, પૂજા, ભક્તિ, તથા કામ, ક્રોધાદિ પરભાવો હોવા છતાં જે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને એકને જ ભજે છે તે મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. હવે મુક્તિસુંદરી તેનાથી દૂર નહિ રહી શકે. પર્યાયમાં વિકારભાવો તો છે, એ પરભાવો હોવા છતાં તેની દૃષ્ટિ છોડીને, સ્વામિત્વ છોડીને સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને ભજે છે તે શુદ્ધ દૃષ્ટિવાળો છે. ૨૩૨.

❀ અહો ! આ આત્મતત્ત્વ તો ગહન છે. એને આંખો મીંચીને, બહારના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો ! આ આત્મવસ્તુ અચિંત્ય છે, જ્ઞાયક...જ્ઞાયક....જ્ઞાયક જ છે—એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનની બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી. ૨૩૩.

❀ અહા ! ચૈતન્યપ્રભુ સમીપ બિરાજે છે એની ઉપર નજર નહિ અને પર્યાય ઉપર નજર–દૃષ્ટિ રાખવાથી ચૈતન્યપ્રભુ પ્રગટ થાય નહિ. ભલે પર્યાયમાં જાણપણું ઘણું ખીલ્યું છે અને વ્યવહારશ્રદ્ધા આદિ પર્યાયમાં થયું છે પણ એ પર્યાય ઉપરની દૃષ્ટિ રાખ્યે ચૈતન્યપ્રભુના દર્શન નહિ થાય. આ તો પર્યાય ઉપરની દૃષ્ટિથી મરી જાય ત્યારે દૃષ્ટિ થાય એવી વાત છે ! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રજ્ઞાનનો વિકાસ થયો છે તેનું પણ લક્ષ છોડી દે ! એ જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. પરસત્તાવલંબી જ્ઞાનમાં જેને હોંશ આવે છે એ જ્ઞેયનિમગ્ન છે, તેને જ્ઞાનસ્વરૂપમાં મગ્નતા નહિ આવે. જેને આવડતના અભિમાન છે તે બધાં જ્ઞેયનિમગ્ન છે, જ્ઞાનનિમગ્ન નથી. આ તો ભવથી છૂટકારાની અપૂર્વ વાતો છે. પ્રભુ ! જ્ઞાયકભાવમાં દૃષ્ટિને થંભાવ ! દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે ત્યાં દૃષ્ટિને થંભાવ ! નિગોદથી માંડીને કેવળજ્ઞાન ને સિદ્ધદશા સુધીની કોઈ પર્યાય

શુદ્ધદૃષ્ટિનો વિષય નથી. શુદ્ધદૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્યસામાન્ય છે. ત્યાં તારી દૃષ્ટિને થંભાવ–ઝુકાવ ! દૃષ્ટિને દ્રવ્યમાં જ થંભાવવાથી આગળ વધાય છે. ૨૩૪.

❀ પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે ! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે ? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ એને લાગવું જોઈએ. ૨૩૫.

❀ શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. નહોતો થવાનો ને એને કરે કે થવાનો હતો ને ફેરવે એ દૃષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે—એ દૃષ્ટિમાં જ જ્ઞાયકનો અનંતો પુરુષાર્થ છે. ૨૩૬.

❀ શ્રોતા :–પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે એટલે પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટશે એટલે હવે કરવાનું શું રહે છે ?

પૂજ્ય ગુરુદેવ :–વ્યવસ્થિત પર્યાય છે એમ જાણ્યું ક્યાંથી ? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે તો તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટે છે એવા દ્રવ્યસામાન્ય ઉપર જ એને દૃષ્ટિ કરવાની છે. સામાન્ય ઉપરની દૃષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે. ક્રમ સામે જોવાનું નથી. ૨૩૭.

❀ હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્સન્મુખતા રહે છે; મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજી સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્-સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. જેમ સમયસાર ગાથા ૪મા કહ્યું છે કે મિથ્યાત્વનું એકછત્ર રાજ્ય ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર લક્ષ આવવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય–ગુણ–પર્યાય આદિ વિચારમાં ફેરવે. ઉપયોગને બારીક કરે, ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૨૩૮.

*

[તા. ૧૦-૧૨-૨૦૦૧]

સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ : જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન
બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન
બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ
બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : 'શ્રી યોગસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન

★ શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણ દિન ★

આપણા પરમપૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્ય-પદારોહણદિન' માગસર વદ ૮, રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ના દિવસે છે. આ અવસર શ્રી સીમંધર-સ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

★ ધાર્મિક શિક્ષણવર્ગ ★

ડિસેમ્બર મહિનાની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૧, સોમવારથી તા. ૨-૧-૨૦૦૨, બુધવાર—૧૦ દિવસ સુધી સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન કરવામાં આવ્યું છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થિઓને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે.

❋ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ❋

અમદાવાદ (ખાડિયા)ના શ્રી પાર્શ્વનાથ દિ. જિનમંદિરમાં નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી સમવસરણ આદિનો પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ તા. ૨૮-૨-૨૦૦૨, ગુરુવારથી તા. ૭-૩-૨૦૦૨, ગુરુવાર (માઘ વદ—૯) આઠ દિવસનો રાખવામાં આવેલ છે. વિશેષ સમાચાર આગામી અંકમાં.

અલીગઢનગરના (ઉ.પ્ર.) 'મંગલાયતન' તીર્થધામમાં સાનંદ સંપન્ન

'પંચપરમેષ્ઠિવિધાન' તથા 'ધાર્મિક શિક્ષણશિબિર'

પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી ઉત્તરપ્રદેશના અલીગઢ નગરમાં નિર્માણાધીન 'મંગલાયતન' તીર્થધામની પુણ્યભૂમિ પર શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિગંબર જૈન ટ્રસ્ટ, અલીગઢ દ્વારા તા. ૮-૧૧-૨૦૦૧ થી તા. ૧૨-૧૧-૨૦૦૧ સુધી આયોજિત 'પંચપરમેષ્ઠિવિધાન' તથા પંચાહ્નિક ધાર્મિક શિક્ષણશિબિર સાનંદોત્સાહ સંપન્ન થયા છે. દેશવિદેશના અનેક મુમુક્ષુ મહાનુભાવોએ આ ધાર્મિક આયોજનનો લાભ લીધો હતો.

❦ માનસ્તંભ–મહાભિષેક ❦

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રીકાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, વિ. સં. ૨૦૦૯, ચૈત્ર સુદ ૧૦ના દિવસે પ્રતિષ્ઠિત, સંગેમરમર નિર્મિત ભવ્ય શ્રી સીમંધરસ્વામી-માનસ્તંભની પ્રતિષ્ઠાને, વિ.સં. ૨૦૫૮, ચૈત્ર સુદ ૧૦ થી વિ.સં. ૨૦૫૯, ચૈત્ર સુદ ૧૦ સુધી, પંચાશત (૫૦) વર્ષીય 'સુવર્ણજયંતી'નું વર્ષ છે. આ 'માનસ્તંભપ્રતિષ્ઠા-સુવર્ણજયન્તી'ના ઉપલક્ષમાં 'માનસ્તંભ-મહાભિષેક'નું મંગલ આયોજન નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ ભવ્ય આયોજન, મુમુક્ષુસમાજ અધિક સંખ્યામાં લાભ લઈ શકે–એ હેતુથી, 'મહાવીરનિર્વાણ–પંચાહ્નિક (દીપાવલિ) મહોત્સવના દિવસોમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ આયોજનનું વિશેષ વિવરણ નિશ્ચિત થતાં આપવામાં આવશે.

વૈરાગ્ય--સમાચાર :—

બરવાળા (ઘેલાશા)ના (હાલ મલાડ-અમેરિકા) મુમુક્ષુ ભાઈ શ્રી વસંતભાઈ મગનલાલ શાહ (વર્ષ ૬૫)નું તા. ૮-૧૦-૨૦૦૧ના રોજ ટૂંકી બિમારી બાદ અમેરિકામાં દેહાવસાન થયું છે. તેમને પૂજા, ભક્તિ અને શાસ્ત્રસ્વાધ્યાયનો સારો રસ હતો. છેલ્લા ૨૨ વર્ષથી મલાડ--મુમુક્ષુમંડળના મંત્રી તરીકે સક્રિય કાર્યકર હતા.

મોરબીનિવાસી (હાલ-મલાડ) શ્રી તરુણકુમાર ઉત્તમચંદ મહેતા (વર્ષ-૫૦) તા. ૧૬-૧૦-૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

તલોદનિવાસી (હાલ-ભીવંડી) શ્રી મણિબેન નેમચંદ ગાંધી (વર્ષ-૮૨) તા. ૧૨-૧૧-૨૦૦૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી (હાલ-સોનગઢ) શ્રી કમળાબેન જગદીશચંદ્ર પારેખ (વર્ષ-૮૨) તા. ૨૨-૧૦-૨૦૦૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી.

મેરાઉ (કચ્છ-માંડવી)નિવાસી (હાલ-હૈદરાબાદ) ડૉ. કિશોરભાઈ કલ્યાણજી લાલજી શાહ (વર્ષ-૪૪) તા. ૩૦-૧૧-૨૦૦૧ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા; તત્ત્વ-જિજ્ઞાસુ હતા.

પરિપત્ર

MP3 Compitable CD, MP3--પ્લેયર તેમ જ કોમ્પ્યુટર દ્વારા સાંભળી શકાય તેવી 50 કલાકના પ્રવચનોની CDના રૂ. 50/- ને બદલે રૂ. 25/-

પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસ ઝરતાં પ્રવચનો મુમુક્ષુ સમાજમાં જનજન સુધી શ્રવણભોગ્ય બને તેવી ઉમદા ભાવનાથી પ્રેરાઈને, શ્રુતલબ્ધિવંત, અધ્યાત્મયુગસ્રષ્ટા, ભવોદધિતારણહાર કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી, તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તેમજ તીર્થધામ સુવર્ણપુરી પ્રત્યે સમર્પિત શ્રી શાંતિલાલ રતીલાલ શાહ-પરિવાર, સાયન (મુંબઈ) તરફથી, દરેક મુમુક્ષુમંડળને ૨૫૦૦ પ્રવચનોની CD નો સેટ તેમ જ CD સાંભળવા માટે કોમ્પ્યુટર ભેટ આપવામાં આવેલ છે. તદુપરાંત પોતપોતાના ઘરે CD પ્રવચનોનો સેટ વસાવવા ઇચ્છતા મુમુક્ષુઓને ૫૦ પ્રવચનોની CD રૂ. 50/--માં આપવામાં આવતી હતી. પરંતુ આ CD માત્ર કોમ્પ્યુટર દ્વારા જ સાંભળી શકાતી હતી. તેથી હવે MP3 પ્લેયર દ્વારા પણ સાંભળી શકાય અને કોમ્પ્યુટર દ્વારા પણ સાંભળી શકાય તેવી નવી CD તૈયાર કરવામાં આવી છે જે હવેથી માત્ર રૂ. ૨૫/– લેખે આપવામાં આવશે. અર્થાત્ 50 પ્રવચનોની CD રૂ. 50/--ને બદલે રૂ. 25/--માં આપવામાં આવશે.

અત્યાર સુધી બે શાસ્ત્રો સિવાય બધા શાસ્ત્રોના પ્રવચનોની CD તૈયાર કરવામાં આવી હતી. બાકી રહેલ બે શાસ્ત્રો–શ્રી પંચાસ્તિકાય તથા શ્રી અષ્ટપાહુડ ઉપરના પ્રવચનોની CD પણ તૈયાર થઈ ગઈ છે જે મુમુક્ષુમંડળોને મોકલવામાં આવી રહી છે. પોતાના ઉપયોગ માટે વસાવવા ઇચ્છતા મુમુક્ષુઓને પણ આ બન્ને શાસ્ત્રોની CD (રૂ. 25/-- લેખે) આપવામાં આવી રહી છે.

મુમુક્ષુમંડળો તેમજ મુમુક્ષુઓ ઉપરોક્ત યોજનાનો લાભ લેવા માટે નીચેના સરનામે સંપર્ક કરે

(૧) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
કેસેટ વિભાગ, સોનગઢ-364250

(૨) **શ્રી હિતેન અનંતરાય શેઠ**
309, વીણા વિહાર, 17-A ફ્લેન્ક રોડ, સાયન (ઇસ્ટ), મુંબઈ-400022
ફોન : 4015434 E-MAIL : vitragva@vsnl.com

નોંધ :– MP3 પ્લેયર ઘણા પ્રકારના આવે છે તેમાંથી (1) કેટલાક MP3 પ્લેયરમાં 50 પ્રવચનોની CD (Recorded at bit rate of 32 kbps) સાંભળી શકાય છે. બધા શાસ્ત્રો માટે 58 CD લેવી જરૂરી છે. (2) કેટલાક MP3 પ્લેયરમાં 25 પ્રવચનોની CD (Recorded at bit rate of 64 kbps) સાંભળી શકાય છે. બધા શાસ્ત્રો માટે 116 CD લેવી જરૂરી છે. (3) બન્ને પ્રકારની CD માત્ર રૂ. 25/-- લેખે મળશે. (4) પૂજ્ય ગુરુદેવશ્રીનાં 2500 પ્રવચનોના CDનો પ્રોજેક્ટ પૂરો થઈ ગયો છે; બાકીના 6000 પ્રવચનોને CDમાં લેવાનું કામ ચાલુ જ છે.

* * * *

❀ તત્ત્વવિચારમાં વિશેષ કષાયમંદતા છે ❀

કોઈ પહેલાં પૂજા-ભક્તિ કરતો હોય અને પછી આવું સાંભળીને તત્ત્વવિચારમાં રહેતો હોય તો તેને કોઈ કહે કે આને સાંભળવાનું ફળ શું? —તો કહે છે કે ભાઈ! પૂજાદિ કરતાં તો તત્ત્વવિચારમાં વિશેષ કષાયમંદતા છે, એમાં ભ્રષ્ટતા નથી. તારી દૃષ્ટિ ઊંધી છે. તારી સાથે પૂજાદિમાં ઊભેલો દેખાય નહિ એટલે ભ્રષ્ટ છે તેમ નથી, તેમાં તો શુભભાવ ઘણો જ ઊંચો છે. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ આ વાત કરી છે.

—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂ. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂ. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com

Fax : (02846) 44334

પ્રત : ૫૪૦૦